# પ્રસાર ભારતી

# સમાચાર વિભાગ, આકાશવાણી, ભુજ

**Date : 03-08-2025 Day: Sunday Morning : 6.50 to 6.55 am**

આકાશવાણી ભુજ સમાચાર **તૌફિક સમા**વાંચે છે.

---

## PM-કિસાન સન્માન નિધિ -:

પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદીએ ગઇકાલે ઉત્તરપ્રદેશથી PM કિસાન સન્માન નિધિ યોજનાનો 20-મો હપ્તો જાહેર કર્યો હતો, જેમાં રાજ્યના 52 લાખ 16 હજારથી વધુ ખેડૂત પરિવારને એક હજાર 118 કરોડ રૂપિયાથી વધુની સહાય સીધી જ તેમના ખાતામાં જમા કરાવવામાં આવી હતી. રાજ્યના ખેડૂતોને વર્ચ્યૂઅલ સંબોધન કરતા પ્રધાનમંત્રીએ કહ્યું, આ યોજના ખેડૂતોના વિકાસ માટે સરકારની પ્રતિબદ્ધતાનું એક ઉદાહરણ છે.

ગાંધીનગરમાં મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલની ઉપસ્થિતિમાં રાજ્યકક્ષાનો પીએમ કિસાન ઉત્સવ દિવસ સમારોહ યોજાયો. આ પ્રસંગે શ્રી પટેલે કહ્યું, આ યોજનાની ન્યાયી અને પારદર્શક પદ્ધતિના કારણે ખેડૂતોનો સરકાર પ્રત્યે વિશ્વાસ વધુ દ્રઢ બન્યો છે. તેમણે વિકસિત ગુજરાત માટે વિકસિત ખેતીના નિર્માણ માટે ખેડૂતોને આહ્વાન કર્યું હતું.

દરમિયાન નખત્રાણા ખાતે જિલ્લા કક્ષાનો પીએમ કિસાન ઉત્સવ દિવસ ઉજવાયો હતો. આ પ્રંસગે વારાણસીથી પી.એમ. કિસાન યોજનાના લાભાર્થીઓને 20મો હપ્તો પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદી દ્વારા જાહેર થયો તેનું જીવંત પ્રસારણ સૌ ઉપસ્થિતોએ નિહાળ્યું હતું. આ પ્રસંગે સાંસદ વિનોદ ચાવડા, ધારાસભ્ય પ્રદ્યુમનસિંહ જાડેજા સહિત અગ્રણીઓ ઉપસ્થિત રહ્યા હતા.

--------------------------------------------------------------------------------

## ગાંધીનગર પોલીસ સન્માન સમારોહ:

ગૃહ રાજ્યમંત્રી હર્ષ સંઘવીએ રાજ્યમાં શાંતિ અને સલામતીની જાળવણી તથા સૌની સુરક્ષા કરવામાં પોલીસ દળનું યોગદાન અમૂલ્ય છે તેમ કહ્યુ હતું. ગાંધીનગરના કરાઈ ગુજરાત

પોલીસ અકાદમી ખાતે ગઈકાલે પોલીસ ચંદ્રક અલંકરણ સમારોહને સંબોધતા શ્રી સંઘવીએ આ વાત કહી હતી.

આ પ્રસંગે મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલે પોલીસ દળમાં કર્તવ્ય નિષ્ઠાથી ઉત્કૃષ્ટ ફરજ બજાવવા બદલ રાષ્ટ્રપતિશ્રીના ચંદ્રક મેળવનારા પોલીસના 118 અધિકારી અને કર્મચારીઓને આ ચંદ્રક એનાયત કર્યા હતા. સમાજ પ્રત્યેની સેવા ભાવનાની કદરરૂપે મળતા ચંદ્રક અને સન્માન એ સમગ્ર પોલીસ દળનું ગૌરવ બને છે તેમ પણ શ્રી પટેલે ઉમેર્યું હતું.

---

## રાષ્ટ્રીય હસ્તકલા વિકાસ સેમીનાર:

"માર્ચ ૨૦૨૬ પછીના રાષ્ટ્રીય હસ્તકલા વિકાસ કાર્યક્રમના ખર્ચ નાણાં સમિતિ મેમોરેન્ડમના અંતિમકરણ" માટે ગઇકાલે ભુજ ખાતે એક દિવસીય સેમિનારનું આયોજન કરવામાં આવ્યું હતું.

અત્રે ઉલ્લેખનીય છે કે ,કાપડ મંત્રાલયના વિકાસ કમિશનર (હસ્તકલા) નું કાર્યાલય ભારત સરકારની નોડલ એજન્સી છે જે હસ્તકલા ક્ષેત્રના પ્રમોશન, જાળવણી અને વિકાસ માટે સમર્પિત છે. તે કારીગરોના ઉત્થાન અને સ્થાનિક અને આંતરરાષ્ટ્રીય સ્તરે હસ્તકલા ઉદ્યોગના વિકાસને ટેકો આપવા માટે કાર્ય કરે છે. આ કાર્યાલય વિવિધ યોજનાઓનો અમલ કરે છે જે , NGO, રાજ્ય અને કેન્દ્ર સરકારની એજન્સીઓ અને વિભાગની ક્ષેત્રીય કચેરીઓ સહિત અનેક અમલીકરણ એજન્સીઓ દ્વારા કારીગરોને સહાય પૂરી પાડે છે.

આ કાર્યક્રમમાં  કચ્છ અને અમદાવાદના રાષ્ટ્રીય અને શિપ ગુરુ પુરસ્કાર વિજેતાઓ; હસ્તકલા આધારિત ઉત્પાદક કંપનીઓના ડિરેક્ટરો,હસ્તકલા સેવા કેન્દ્રોના અધિકારીઓ, વિવિધ હિસ્સેદારો અને મહાનુભાવો ઉપસ્થિત ઉપસ્થિત રહ્યા હતા.

---

## સંસ્કૃત સપ્તાહ:

ગુજરાત રાજ્ય સંસ્કૃત બોર્ડ, ગાંધીનગર દ્વારા પ્રેરિત ,શિક્ષણ કચેરી દ્વારા આયોજિત "સંસ્કૃત સપ્તાહ" ની આગામી તા. ૬ થી ૮ ઓગસ્ટ દરમિયાન ભુજ ખાતે કચ્છમાં જિલ્લા સમાહર્તાના અધ્યક્ષસ્થાને ઉજવણી કરવામાં આવશે.

"પ્રથમ દિવસ ૬ ઓગસ્ટના રોજ જિલ્લા મથક ભુજ ખાતે "સંસ્કૃત ગૌરવ યાત્રા"નું આયોજન કરવામાં આવેલું છે. જેમાં શાળાના વિદ્યાર્થીઓ અને નાગરિકો ઉપસ્થિત રહેશે. , બીજા દિવસને "સંસ્કૃત સંભાષણ" દિવસ તરીકે કચ્છ યુનિવર્સિટી ભુજ ખાતે ઉજવવામાં આવશે. આ દિવસે , જિલ્લાની સરકારી કચેરીઓ તેમજ શાળાઓમાં સંસ્કૃત ભાષામાં શુભેચ્છા સંદેશ બનાવવામાં આવશે તથા સંસ્કૃત ગીત – શ્લોક ગાન સ્પર્ધાઓનું આયોજન કરવામાં આવશે. સંસ્કૃત સપ્તાહ ઉજવણીના ત્રીજા દિવસે સંસ્કૃત સાહિત્ય પ્રદર્શનનું આયોજન કરાશે, જેમાં સંસ્કૃત સાહિત્યના પ્રાચીન અને અર્વાચિન ગ્રંથો અને પુસ્તકોનું પ્રદર્શન કચ્છ યુનિવર્સિટી ભુજ ખાતે યોજાશે તેમ જિલ્લા શિક્ષણાધિકારીની એક યાદીમાં જણાવાયુ છે.

---

## રાષ્ટ્રીય કિશોર સ્વાસ્થ્ય કાર્યક્રમ:

શહેરી પ્રાથમિક આરોગ્ય કેન્દ્ર ભૂજ -૧ મધ્યે પિયર એજ્યુકેટરની મિટિંગ અને કીટનું વિતરણનો કાર્યક્રમ ગકાલે યોજાયો હતો.

આ કાર્યક્રમ અંતર્ગત કિશોર સ્વાસ્થ્ય સલાહકાર દ્વારા પિયર એજયુકેટરને રાષ્ટ્રીય કિશોર સ્વાસ્થ્ય કાર્યક્રમની રૂપરેખા તેમના ઘટકો વિશે પોષણ, પ્રજનન સ્વાસ્થ્ય, માનસિક આરોગ્ય, બિન ચેપી રોગો, વ્યસન, હિંસાઓ ,ઇજાઓ , ડેન્ગ્યુ અને મેલેરિયા જેવા વાહકજન્ય રોગો વિશે વિસ્તૃત માહિતી આપવામાં આવી હતી. ઉપરાંત સોશિયલ મીડિયાના ગેરફાયદાઓ, આત્મહત્યા જેવા વધતા કિસ્સાઓ , જીવન કૌશલ્યો તેમજ સામાજિક વર્તન અને પરીવર્તન સંચાર વિશે માહિતી આપવામાં આવી હતી.

---